# બી.ટેક.માં એડમિશન મેળવવાથી વંચિત રહી ગયેલા સ્ટુડન્ટ્સ માટે ફેર વિચારણા કરાશે

## IITGn ખાતે યોજાયેલ એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં સ્ટુડન્ટ્સલક્ષી મુદ્દાઓ પર ચર્ચા કરાઈ



IIT ગાંધીનગર ખાતે આઠમી એકેડેમિક એડવાઈઝરી કાઉન્સિલ(AAC)ની બેઠક મળી હતી. જેમાં દેશ વિદેશના આઈઆઈટી ગાંધીનગરના ફેકલ્ટી મેમ્બર્સ હાજર રહી આઈ આઈટી ગાંધીનગરને વધુ ફ્લિઝિબલ બનાવવાના સજેશન્સ આપ્યાં હતાં. જેમાં એકેડેમિક પ્રાયોરેટિને ધ્યાને રાખી તેના પર વિવિધ સૂચનો પણ આપ્યાં હતાં. જે સ્ટુડન્ટ્સ આઈઆઈટી ગાંધીનગરમાં બી.ટેકમાં એડમીશન મેળવવાથી વંચિત રહી ગયો હોય અને બીજી એન્જિનિયરંગ કોલેજમાં એડમિશન મેળવી લીધું હોય તેવા એલિજિબલ સ્ટુડન્ટ્સને બીજા વર્ષ કે બીજા સેમેસ્ટરમાં સમાવી લેવા જોગવાઈ કરવી જોઈએ સાથે નોન ડિગ્રી પ્રોગ્રામનો પણ સામવેશ કરી અન્ય કોલેજો કે અન્ય સ્ટુડન્ટ્સ પણ આનો લાભ લઈ શકે છે. કેમ્પસમાં અભ્યાસ કરતાં સ્ટુડન્ટ્સ કે જેઓ એકેડેમિકલી નબળા હોય તેઓને અન્ય સ્ટુડન્ટ્સ ભણાવી સપોર્ટ પૂરું પાડી શકે, એટલે કેમ્પસમાં પીઅર ટુ પીઅર લર્નિંગ ઉપર ભાર મૂકવામાં આવે તો નબળાસ્ટુડન્ટ્સને સપોર્ટ મળી રહેશે.ઉપરાંત કાઉન્સિલની બેઠકમાં આગામી દસ વર્ષ માટે ફેકલ્ટી રિક્રૂટમેન્ટ કરવા પણ જણાવાયું હતું.

આઈઆઈટીગાંધીનગરનું કરિક્યૂલમ સૌથી અલાયદુ હોવા છતાં તેમાં ધરમૂળમાથી સુધારો લાવવાને બદલે તેને વધુ સ્ટુડન્ટ્સ સેન્ટ્રિક બનાવવા હાકલ કરાઈ હતી. નોંધનીય છે કે આઠમી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં વોશિંગટન યુનિવર્સિટી, આઈઆઈટી કાનપુર, આઈઆઈટી બોમ્બે, તાતા ઈન્સ્ટિટ્યૂટ બેંગ્લોર, સહિતમાં તજ્ઞનો હાજર રહી સૂચનો કર્યાં હતાં.

**Title:** Student-centric topics discussed during Academic Council meeting held at IITGN
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** http://sandeshepaper.in/m/265798/5c2d24b1bb54b
**Date:** 03-01-2019